ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧
SGCCI
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા : ૨૫/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# વસિયતનામાની નોંધણી કરાવવી ફરજિયાત નથી પણ નોંધણી કરવાનું હિતાવહ : એડવોકેટ એન.આર. મેઘાણી

## ચેમ્બર દ્વારા 'વસિયતનામાની અગત્યતા' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૨૩ મે ૨૦૨૧ના રોજ 'વસિયતનામાની અગત્યતા' વિષય ઉપર બીજી વખત વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના જાણીતા એડવોકેટ એન.આર. મેઘાણીએ વસિયતનામાની નોંધણી (રજિસ્ટ્રેશન) અને તેના લાભો વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

એડવોકેટ એન.આર. મેઘાણીએ જણાવ્યું હતું કે, વસિયતનામાની નોંધણી કરાવવી ફરજિયાત નથી પણ નોંધણી કરવાનું હિતાવહ હોય છે. વસિયતનામાની નોંધણી કરવાથી વસિયતનામું દબાણથી કરવામાં આવ્યું નથી, વસિયતકર્તાની સહીઓ ખોટી છે તથા સાક્ષીઓની સહીઓ યોગ્ય નથી વિગેરે આક્ષેપનો બચાવ કરવામાં સરળતા રહે છે. વસિયતનામાની નોંધણી કરાવવા માટે કોઇ સ્ટેમ્પ વાપરવાની જરૂર નથી. સબ રજિસ્ટ્રારની રૂબરૂમાં રજિસ્ટર કરાવેલું વસિયતનામું પણ રદ કરી શકાય છે કે તેમાં ફેરફાર તેમજ સુધારા–વધારા કરી શકાય છે. રજિસ્ટ્રેશન કરાવેલું વસિયતનામું કોડિસિલ પણ રજિસ્ટ્રાર કરાવવું ફરજિયાત થાય છે. રજિસ્ટ્રેશન કરાવેલા વસિયતનામાનું કેન્સલેશન પણ રજિસ્ટ્રર કરાવવું ફરજિયાત હોય છે. આવું કરવાથી વસિયતકર્તાની ઇચ્છા પૂરી કરવામાં આવનાર અવરોધથી બચાવ થઇ શકે છે. વસિયતનામાનું ગુમ થવું, ખોવાઇ જવું, ભુલાઇ જવું વિગેરેની મુશ્કેલી પણ ટાળી શકાય છે. વારસદારો વચ્ચે અણબનાવ હોય તો જેના કબજામાં વસિયતનામું

હોય તે વસિયતનામું દબાવીને બેસી જાય તો બાકીના વારસદારોને તેમના હકક મેળવવા ઉભી થતી તકલીફ ટાળી શકાય છે. સગીરોને પ્રાપ્ત થતા હકકોનું રક્ષણ કરવામાં સરળતા રહે છે. ધર્માદા કરેલ રકમ કે મિલકતને વસિયતકર્તાની ઇચ્છા મુજબ વ્યવસ્થા કરવામાં સરળતા રહે છે. વસિયતનામા માટે કોઇ સ્ટેમ્પ વાપરવો જરૂરી નથી. સાદા ટકાઉ કાગળ પર વસિયતનામું થઇ શકે છે. વસિયતનામું રજિસ્ટર કરાવવું ફરજિયાત નથી. રજિસ્ટર કરાવ્યા વગરનું વસિયતનામું પણ કાયદેસર ગણાય છે.

વસિયતનામા રદબાતલ વિશે તેમણે જણાવ્યું હતું કે, વસિયતકર્તા પોતાનું બીજુ વસિયતનામું બનાવી પોતાની અને બે સાક્ષીઓની સહી લઇને તેમાં સ્પષ્ટ રીતે લખે કે મારુ અગાઉનું વસિયતનામું રદ કરું છું. અન્ય કોઇ લેખ કે લખાણથી જેમાં અગાઉના પ્રથમ વસિયતનામું રદ કરવાનો ચોખ્ખો ઇરાદો દર્શાવેલ હોય અને આવા લેખ કે લખાણ પર વસિયતકર્તાની સહી તથા બે સાક્ષીઓની સહી કરેલી હોવી જોઇએ. કોઇપણ જાતના નવા લખાણ, લેખ કે વસિયતનામા વગર તેને ફાડીને, બાળીને તેનો નાશ કે તેની કોઇપણ નકલો અસ્તિત્વમાં રહે નહી તેની કાળજી રાખવી પડે છે. વસિયતકર્તા કાયદેસરનું વસિયતનામું બનાવ્યા પછી તે વસિયતનામા પર 'કેન્સલ' લખવાથી વસિયતનામું રદ થતું નથી. વસિયતનામું રદબાતલ કરવાનો ઇરાદો લખી તેના પર વસિયતકર્તા પોતાની તથા બે સાક્ષીઓએ સહી કરેલી હોવી જરૂરી છે. માત્ર વસિયતનામાનું રિવોકેશન–રદ કરવાથી તેના કોડીસિલ આપોઆપ રદ થતું નથી. વસિયતકર્તાએ વસિયતનામું રદ કરતા સમયે કોડીસિલ પણ રદ કરું છું તેઓ સ્પષ્ટ ઇરાદો અને લખાણ કરેલું હોવું જોઇએ.

પાછળના વસિયતનામામાં અગાઉનું વસિયતનામું રદબાતલ ન કર્યું હોય તો બંને વસિયતનામા અમલમાં રહે છે. પાછળના વસિયતનામામાં ચોકકસ મિલ્કત બાબત વિરોધાભાસ (અસંગતતા) હોય ત્યાં પાછળનું વસિયતનામું અમલમાં રહે, પરંતુ બંને વસિયતનામામાં વિરોધાભાસ ન હોય તો બંને વસિયતનામા કાયદેસરના અમલમાં રહે છે. એકવાર પોતાનું વસિયતનામું રદબાતલ કર્યુ હોય તો વસિયતકર્તા તે વસિયતનામાને પુનઃ ફરી જીવંત કરી શકે છે. ફરી વસિયતનામાને જીવિત કરવા વસિયતકર્તાએ પોતાની સહી અને બે સાક્ષીઓની સહી કરવી જરૂરી રહે છે. એના માટે વસિયતનામું કરવાની સઘળી કાયદેસરની રીતરસમો અપનાવવી પડે છે. કોઇ સંજોગોમાં વસિયતનામામાં સાક્ષી તરીકે સહી કરેલી બંને વ્યકિતઓ મૃત્યુ પામે તો તેવા સંજોગોમાં વસિયતકર્તાએ બીજું વસિયતનામું લખવું સલાહભર્યું હોય છે. ઘણીવાર એવું બને કે વસિયતનામું કર્યા બાદ તેમાં સાક્ષીઓ તરીકે સહી કરનાર વ્યકિત સાથે સંબંધ બગડે તેવા સંજોગોમાં પણ વસિયતકર્તાએ બીજું વસિયતનામું બનાવવું જોઇએ તેવી સલાહ તેમણે આપી હતી.

વેબિનારમાં એડવોકેટ એન.આર. મેઘાણીએ લોકોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ વેબિનારનું સંચાલન સુપેરે પાર પાડયું હતું.